# એડીનેટ ઈ–ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૬૦ સપ્ટેમ્બર-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો | ૨ |
| ગુગલ ઈમેજિસ પર ‘સ્વાઈપ ટુ વિઝીટ’ આવ્યું છે. | ૨ |
| લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ધ્વારા બૌધ્ધ ધર્મનું ૨૦૦૦ વર્ષ જુનું દુર્લભ લખાણને ઓનલાઈન ઉપલબ્ધ કર્યું છે. | ૨ |
| સીઆઈએસએફ ધ્વારા સુરક્ષા સેવાઓ મજબૂત બનાવવા માટે વિશ્વકોશ તૈયાર કર્યો. | ૨ |
| ભારતમાં મફત અને મહતમ ગતિ ધરાવતા વાઈ-ફાઈ ઝોન તૈયાર કરવા માટે સિસ્કો એ ગુગલ સાથે ભાગીદારી કરી. | ૩ |
| રાષ્ટીય શિક્ષણનીતિના ડ્રાફ્ટના પ્રતિસાદરૂપે ૭૭૦૦૦થી વધારે પત્રો મળ્યા છે. | ૪ |
| “વૃક્ષ લાઈબ્રેરી”- નવો ખ્યાલ | ૪ |
| ભારતીય યુનિવર્સીટીઓ ઉરકુંડ સોફ્ટવેરનો મફત એક્સેસ મેળવી શકશે. | ૪ |
| ઉપરાષ્ટ્રપતિએ લાઈબ્રેરી ચળવળને મજબૂત બનાવવા માટે જણાવ્યું. | ૪ |
| વૈશ્વિક પબ્લિક લાઈબ્રેરીઓને નેતાઓ વિકસાવી રહ્યા છે. | ૫ |
| મોબાઈલ લાઈબ્રેરીઓ | ૫ |
| યુનિવર્સીટીઓ અને કોલેજોએ સંશોધનને આગળ વધારવા માટે શિક્ષકોને સબબેટીકલ રજા પર મોકલવા જોઈએ. | ૬ |
| શહેરમાં ૮૦૦ વિદ્યાર્થીઓ માટે બે બસોને મોબાઈલ લેબ તરીકે વિકસાવવામાં આવશે. | ૬ |

## થોભો અને વિચારો

**“તમે કોઈ પણ સારું કાર્ય કરો, પછી તે ગમે તેટલું નાનું હોય, તે કાર્ય કોઈ દિવસ વ્યર્થ નથી જતું”.**

## ગુગલ ઈમેજિસ પર ‘સ્વાઈપ ટુ વિઝીટ’ આવ્યું છે.

ગુગલ ધ્વારા ઈમેજ શોધવા માટે ‘સ્વાઈપ ટુ વિઝીટ’ લોન્ચ કરવામાં આવ્યું છે જેમાં યુઝર ધ્વારા જે કોઈ ઈમેજ ના પરિણામને સિલેક્ટ કરવામાં આવે છે તે વેબસાઈટના હેડરના પ્રિવ્યુ ને બતાવવમાં આવે છે.

વિઝુઅલ શોધો ધ્વારા યુઝરો ઘણી બધી ઓફરોને અસરકારક રીતે સ્કેન અને તુલના કરી શકે છે. ઉચ્ચ ગુણવતાયુક્ત ઈમેજને તૈયાર કરવામાં આવે છે અને આ ઈમેજને ઓપ્ટિમાઈઝ કરવામાં આવે છે જેથી યુઝરને જુદી જુદી બ્રાન્ડની વેબસાઈટ પરની ઈમેજિસ ધ્વારા આકર્ષિત કરી શકાય છે.

**Source | https://searchengineland.com/**

## લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ધ્વારા બૌધ્ધ ધર્મનું ૨૦૦૦ વર્ષ જુનું દુર્લભ લખાણને ઓનલાઈન ઉપલબ્ધ કર્યું છે.

લાઈબ્રેરી ઓફ કોગ્રેસ, વોશિંગ્ટન ધ્વારા બૌધ્ધ ધર્મની જૂનામાં જૂની હસ્તપ્રતો “ ગંધાર સ્ક્રોલ” ને પુનઃ સ્થાપિત કરીને ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગંધાર સ્ક્રોલ એ પ્રથમ સદીની હસ્તપ્રતો છે જે પ્રારંભિક બૌધ્ધ ઇતિહાસની સમજ આપે છે.

આ સ્ક્રોલમાં સિદ્ધાર્થ ગૌતમની પહેલા અને પછી આવેલા બૌધ્ધ ધર્મના સંતો વાર્તા કહેવામાં આવી છે કે જેમના ઉપદેશો પર બૌધ્ધ ધર્મની સ્થાપના કરવામાં આવી છે.

ર્લાર કહે છે કે, “ આ ડિજિટાઈઝ્ડ કરેલ સ્ક્રોલ ધ્વારા બૌધ્ધ ધર્મના ઇતિહાસની ઓછી જાણીતી માહિતી વિદ્વાનો અને બૌધ્ધ ધર્મના સમુદાયના લોકો જાણી શકે છે.

૧૯૨૮માં સ્થપાયેલ, લાઈબ્રેરી ઓફ કોંગ્રેસના એશિયન વિભાગ પાસે હાલમાં સાત સંગ્રહો ચાઈનીઝ,જાપાનીઝ, કોરિયન, મોન્ગેલીયન, દક્ષિણ એશિયા, દક્ષિણ પૂર્વ એશિયા અને તિબેટીયન વગેરે માં મળી આવેલા ૧૩૦થી વધુ વિવિધ એશિયન ભાષાઓમાં ૪ મિલિયનથી વધુ ભૌતિક વસ્તુઓ છે.

**Source | https://www.indiablooms.com**

## સીઆઈએસએફ ધ્વારા સુરક્ષા સેવાઓ મજબૂત બનાવવા માટે વિશ્વકોશ તૈયાર કર્યો.

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળે ઓનલાઈન વિશ્વકોશ- સિક્યુરિટીપીડિયા તૈયાર કર્યો છે.

સીઆઈએસએફે હૈદરાબાદમાં રાષ્ટ્રીય ઔદ્યોગિક સુરક્ષા એકેડેમી ખાતે તકનીકી

પ્રયોગશાળા સ્થાપી છે જેના ધ્વારા સુરક્ષા અને સલામતીના ક્ષેત્રેમાં આવનારા નવીનતમ ઇનોવેશનના જ્ઞાનને જાળવી અને અપડેટ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે.

સિક્યુરિટીપીડિયા ડેટા ધરાવતી માત્ર વેબસાઈટ નથી, પરતું એક પ્લેટફોર્મ છે જ્યાં સીઆઈએસએફના અધિકારીઓ વ્યવસાયિક મુદાઓ પર બ્લોગ લખી શકે છે. તેને જ્ઞાનના ભંડાર તરીકે વિકસાવવામાં આવ્યો છે તેમાં તકનીકી શિક્ષણ, સીઆઈએસએફ માર્ગદર્શિકાઓ, કેસ સ્ટડી, ટેકનિકલ કમ્પેન્ડિયમ વગેરે વિશેની વિસ્તૃત માહિતી છે.

સિક્યુરિટીપીડિયામાં વધુ એક સુવિધા છે – સીઆઈએસએફ ટુયબ – જ્યાં અધિકારીઓ સીઆઈએસએફને સંબંધિત તમામ વિડિયો શોધી શકે છે.

દૈનિક ધોરણે ફિલ્ડ યુનિટ્સનું મોનિટરિંગ સુવ્યવસ્થિત કરવા માટે, તેઓએ એક નવીન ડેશબોર્ડ વિકસાવ્યું છે જે રિઅલ ટાઈમ ડેટા કલેક્શન પ્રદાન કરે છે.

**Source | [https://www.thehindu.com](https://www.thehindu.com)**

## ભારતમાં મફત અને મહ્તમ ગતિ ધરાવતા વાઈ-ફાઈ ઝોન તૈયાર કરવા માટે સિસ્કો એ ગુગલ સાથે ભાગીદારી કરી.

આ ભાગીદારીને અંતર્ગત, સિસ્કો નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડશે અને બેગ્લોરમાં ૨૫ સ્થળોએ આ નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવામાં આવશે.

આ સ્થળોમાં જાહેર સ્થળો જેવાકે બસ સ્ટેશનો, હોસ્પિટલો અને સરકારી કચેરીનો સમાવેશ થાય છે.

સિસ્કા ઇન્ડિયા સમિટ ૨૦૧૯માં સિસ્કાના પ્રેસિડેન્ટ સમીર ગરદે કહે છે કે, " આ વૈશ્વિક ભાગીદારી છે અને ભારત પ્રથમ દેશ છે જ્યાં આ નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરીશું."

TRAI ના રિપોર્ટ અનુસાર, ૮ મિલિયનથી વધારે હોટ સ્પોટ ઇનસ્ટોલ કરવાની જરૂર પડશે, જેથી ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોવાઈડર અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર માટે નવી રોજગારીની તકોનું સર્જન થશે.

ગુગલ 'જી- સ્ટેશન' ધ્વારા જાહેર સ્થળોએ વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ કરવા માટે અલગ અલગ ભાગીદારી કરવામાં આવી છે. ભારતમાં ૧૦૦૦જેટલા સ્થળોએ ગુગલ સ્ટેશન છે અને ભારતમાં ૮ મિલિયનથી વધારે એક્ટિવ યુઝર છે.

ગુગલ કહે છે કે, વાઈ-ફાઈ સર્વિસ વાપરનારા યુઝરોમાં ૨/૩ યુઝરો ૧૯-૩૪ વર્ષના છે. જાહેર સ્થળોમાં પબ્લિક વાઈ-ફાઈનો વધારેમાં વધારે ઉપયોગ રેલ્વે સ્ટેશનો ઉપર થાય છે જેમાં યુઝર ધ્વારા ઓનલાઈન વિડિયો જોવા, માહિતી શોધવા,

ટિકીટો ખરીદવા, ઓનલાઈન બેન્કિંગ અને ઈ-કોમર્સ વગેરેમાં વાઈ-ફાઈ નો ઉપયોગ કરવામાં આવે છે.

**Source | https://www.business-standard.com**

## રાષ્ટ્રીય શિક્ષણનીતિના ડ્રાફ્ટના પ્રતિસાદરૂપે ૭૭૦૦૦થી વધારે પત્રો મળ્યા છે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષણનીતિના ડ્રાફ્ટ પર ૭૭૦૦૦થી વધારે કોમેન્ટ અને પત્રો મેળવ્યા છે એમ માનવ સંસાધન વિકાસના મંત્રી રમેશ પોખરિયલ નિશાકે જણાવ્યું છે. અત્યાર સુધીમાં મળેલા લગભગ ૫% પ્રતિસાદ ઉપયોગી છે, અને તેને ધ્યાનમાં લેવામાં આવશે. આ ડ્રાફ્ટને કેબિનેટમાં મંજુરી માટે રજૂ કરે તે પહેલાં આ ડ્રાફ્ટ માં ફેરફાર કરવામાં આવશે. આ પત્રોમાં સૌથી વધારે પત્રો શિક્ષકોની ભરતીના ધોરણેને બદલવાની દરખાસ્તના વિરોધના અભિયાનમાંથી આવ્યા છે.

**Source | The Hindu | 30th July 2019**

## "વૃક્ષ લાઈબ્રેરી"- નવો ખ્યાલ

ન્યુ ટાઉનમાં એક "વૃક્ષ લાઈબ્રેરી" આવેલી છે જ્યાં વૃક્ષો વિશેની મૂળભૂત માહિતી શોધી શકશે.

લાઈબ્રેરીનો ત્રણ એકરનો પ્લોટ એક્શન એરિયા ૧ડી માં છે. જો કોલકતા ગેટથી બાલકા અબાસન સુધીની મુસાફરી કરવામાં આવે તો આ પ્લોટ ડાબી બાજુ આવે છે. હાઉસિંગ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન, ન્યુ ટાઉન કોલકતા ડેવલપમેન્ટ ઓથોરિટી, વન વિભાગ અને પ્રદુષણ નિંયત્રણ બોર્ડના અધિકારીઓ ધ્વારા લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ અધિકારીઓ એ ૧૩ છોડ વાવ્યા હતા જેની પાછળ વૃક્ષો નું સામાન્ય નામ, વનસ્પતિ નામ, વાવેતર કરનાર વ્યક્તિનું નામ અને વાવેતર કર્યાની તારીખ પણ લખવામાં આવી છે.

આ લાઈબ્રેરી હરિયાળી(લીલોતરી) સાથે સંબંધ સ્થાપિત કરવા માટેનું પ્રથમ પગલું હશે.

વન વિભાગના અધિકારીએ જણાવ્યું કે લાઈબ્રેરીમાં ૧૧૦૦થી૧૨૦૦ જેટલા વૃક્ષો રાખવા માટેની જગ્યા હશે જે વન વિભાગ ધ્વારા દેખરેખ રાખવામાં આવશે.

**Source| https://www.telegraphindia.com/**

## ભારતીય યુનિવર્સીટીઓ ઉરકુંડ સોફ્ટવેરનો મફત એક્સેસ મેળવી શકશે.

ભારતની જાહેર અને ખાનગી સહિતની બધી યુનિવર્સીટીઓ એન્ટી પ્લેગેરીઝ્મ સોફ્ટવેર ઉરકુંડનો ટ્રાયલ એક્સેસ મળવી શકશે.

**UGC Notice Available at | https://www.ugc.ac.in/pdfnews/7680776_UGC-letter-reg-PDS.pdf**

## ઉપરાષ્ટ્રપતિએ લાઈબ્રેરી ચળવળને મજબૂત બનાવવા માટે જણાવ્યું.

ભારતના ઉપરાષ્ટ્રપતિ, શ્રી એમ. વેંકૈયા નાયડુએ યુનિવર્સીટીઓથી ગામડાઓ સુધી લાઈબ્રેરી ચળવળને મજબૂત બનાવવા માટે જણાવ્યું હતું.

નાયડુના મત મુજબ, લાઈબ્રેરી જ્ઞાનનું મંદિર છે.

વિશ્વમાંથી જુદા જુદા લોકો ભારતમાં તેમના જ્ઞાનને વધારવા માટે આવે છે.

નાયડુ કહે છે કે, " સંસ્કૃતિના આદાન-પ્રદાન કરવા માટે પુસ્તકો સારા માં સારો સ્રોત છે."

તે ઉમેરે છે કે, "પુસ્તકો આપણી બૌધ્ધિક અને સાંસ્કૃતિક સંપતિ છે. તે આપણા વારસાનો અમૂલ્ય હિસ્સો છે."

આ ઉપરાંત નાયડુ કહે છે કે, " જ્ઞાન અને વિદ્વતા આપનાર પોતાની માતા, વતન, માતૃભાષા, માતૃભૂમિ અને ગુરુને કદી ભૂલવું ના જોઈએ."

નાયડુ કહે છે કે, "લાઈબ્રેરી એ શીખવા માટેનું વાઈબ્રન્ટ સ્થળ બનવું જોઈએ અને જ્ઞાનના ફેલાવા માટે અને સાહિત્યિક સમસ્યા માટે લાઈબ્રેરી ફોરમ બનવું જોઈએ."

**Extracted from |** [**Vice President Naidu calls for strengthening library movement | Indiablooms - First Portal on Digital News Management**]

## વૈશ્વિક પબ્લિક લાઈબ્રેરીઓને નેતાઓ વિકસાવી રહ્યા છે.

લાઈબ્રેરીયનના વિકાસમાં રોકાણ કરવું એ મહત્વનું છે કારણકે લાઈબ્રેરીઓ જનતાને શિક્ષણ પૂરું પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

Read more »

## મોબાઈલ લાઈબ્રેરીઓ

લાઈબ્રેરીઓ અને લાઈબ્રેરીની સેવાઓમાં ફાયદાકારક ઉમેરો એ મોબાઈલ લાઈબ્રેરીઓ છે. વૈશ્વિક રીતે, લાઈબ્રેરીઓ જુદા જુદા પડકારો નો સામનો કરી રહ્યા છે. જેમકે લાઈબ્રેરીના નોન-યુઝરોને સક્રિય કરવા ઉપરાંત લાઈબ્રેરીના સંસાધનો દરેક યુઝરને પ્રાપ્ત થાય તે માટેની લાઈબ્રેરીની "પહોંચ" વધારવી.

Read more »

## જીવનમાં આગળ આવવા માંગતા કોઇપણ વ્યક્તિ માટેના ૧૭ ઉપયોગી પુસ્તકો

સતત આત્મ- સુધારણા માટેની શોધ ચોક્કસપણે ઘણી વસ્તુઓની યાદી ઊંચી હોય છે જેથી સફળ લોકોને બીજા બધાથી અલગ રાખવામાં આવે છે. ઉચ્ચલક્ષ ધરાવતા વ્યક્તિઓ એવાં વાંચકો છે કે જે બીજાની વિધ્વતામાંથી શીખીને આગળ વધે છે. ઉચ્ચ સંચાલકો ધ્વારા એવા પુસ્તકોના કેટલાક શિર્ષકો આપવામાં આવ્યા છે.

Full Post

## પાઠ્યપુસ્તકો માં આવેલું આમૂલ પરિવર્તન

છેલ્લા કેટલાક દાયકાઓ સુધી પ્રકાશકો ધ્વારા સમાન મોડેલોનું પાલન કરવામાં આવતું હતું. પરતું છેલ્લા કેટલાક વર્ષોમાં કોલેજો અને યુનિવર્સીટીઓમાં બદલાવ જોવા મળ્યો છે, જે હાલમાં જ ટેકટોનિક બન્યા છે.

**Full Info |** The Radical Transformation of the Textbook

## યુનિવર્સીટીઓ અને કોલેજોએ સંશોધનને આગળ વધારવા માટે શિક્ષકોને સબબેટીકલ રજા પર મોકલવા જોઈએ.

યુનિવર્સીટીઓ અને કોલેજો ધ્વારા સંશોધનને આગળ વધારવા માટે શિક્ષકોને સબબેટીકલ રજા આપવા માટેનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે, યુજીસી ધ્વારા સ્થાપિત પેનલ ધ્વારા ભલામણ કરવામાં આવી છે.

"ભારતીય યુનિવર્સીટીઓ અને કોલેજોમાં સંશોધનની ગુણવતા ને વધારવા અને સંશોધનમાં પ્રોત્સાહન આપવા" માટેની ચાર સભ્યોની કમિટિ કે જેના અધ્યક્ષ પ્રોફેસર પી. બલરામ એ તેમનો રિપોર્ટ કમિશનને આપ્યો છે."

પેનલે તેમના રિપોર્ટમાં જણાવ્યું છે કે, "યુજીસી ધ્વારા રાજ્યની યુનિવર્સીટીઓ અને આનુષંગિક કોલેજોને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. શિક્ષકોને સંશોધન કરવા માટે, પુસ્તકો અને મોનોગ્રાફ લખવા માટે સબબેટીકલ રજાઓ આપવી જોઈએ."

અહેવાલમાં જણાવ્યું છે કે રાષ્ટ્રીય કક્ષાના સબબેટીકલ એવોર્ડર્સને એક વર્ષ માટે સ્પર્ધાત્મક ધોરણે રજૂ કરી શકાય છે જેમાં સંશોધન આગળ વધારવા માટે ૫૦ થી ૧૦૦ ફેકલ્ટી મેમ્બર ને સક્ષમ બનાવવામાં આવશે, જે ફેકલ્ટીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગી સંપર્કો બનાવવાની તક પણ પૂરી પાડી શકાય.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, "કેટલીક તકો જાહેર અને ખાનગી એમ બન્ને સંસ્થાઓમાં ફરજિયાતપણે આપવી જોઈએ."

સમિતિ ધ્વારા કરવામાં આવેલી ભલામણોમાં અભ્યાસક્રમ અને આકારણી પધ્ધતિ, શૈક્ષણિક અંખડિતતાને પ્રોત્સાહન, સ્થાનિક ભાષાઓને પ્રોત્સાહન, ટેક્નોલોજીનો ઉપયોગ, મીડિયા પ્લેટફોર્મ અને પોલીસી ઇન્ટર્નશિપ વગેરે છે.

## શહેરમાં ૮૦૦ વિદ્યાર્થીઓ માટે બે બસોને મોબાઈલ લેબ તરીકે વિકસાવવામાં આવશે.

આવતા બે મહિનામાં, બે બસોને મોબઈલ લેબોરેટરી તરીકે વિકસાવવામાં આવશે કે જે સરકાર ધ્વારા સંચાલિત શહેરની ૧૨ સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપશે.

આ બસોને મેકર્સસ્પેસ તરીકે ઓળખવામાં આવી છે અને બેગ્લોર સ્થિત એનજીઓ અગસત્ય ફાઉન્ડેશનના બે ટ્રેનર્સ તેને સંચાલિત કરશે, જે સ્કૂલના બાળકોને ડિઝાઈન, પ્રયોગ, નિર્માણ અને શોધ માટેના ટયુટોરીયલ્સ પુરા પાડશે.

બસમાં ટેબલેટો, કોમ્પ્યુટરો, ૩ડી પ્રિન્ટર અને અન્ય ડીવાઈસો છે કે જેના ધ્વારા શિક્ષકો તેમના ટ્રેનિંગ સેશન કન્ડકટ કરી શકશે.

આ સેશનો વરલીમાં આવેલ ડો. બી. આર. આંબેડકર સ્કૂલ, લાલબાગમાં આવેલ અભિધ્યા નગર સ્કૂલ, ન્યુ સાયન મ્યુનિસિપલ સ્કૂલ અને ચેમ્બૂરમાં આવેલ કલેકટર કોલોની મ્યુનિસિપલ સ્કૂલ જેવી અન્ય સ્કૂલોમાં કન્ડકટ કરવામાં આવે છે.

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ**.**